
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, મારુ ઓક્સિજન લેવલ માપોને.. જો ઓછું હોય તો હિલ સ્ટેશન જવાનો પ્લાન કરું...!!

# શેરથાના વેપારીના અપહરણ અને ખંડણી કેસમાં ચારની ધરપકડ

### પોલીસે રીક્ષા, બે ડમી સીમકાર્ડ, મોબાઈલ ફોન સહિત રૂ.૮૦,૫૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો, એક આરોપી વેપારીનો પૂર્વ કર્મચારી, શોર્ટકર્ટથી પૈસાદાર થવા અપહરણનો પ્લાન ઘડ્યો, એલસીબી પોલીસની પ્રશંસનીય કામગીરી

ગાંધીનગર નજીક શેરથા ગામના વેપારીના અપહરણની કોશીશ કરીને સવા કરોડની ખંડણી માંગી હતી. ત્યારબાદ વેપારીને ફોન કરીને રૂપીયા નહી આપે તો પરિવારના સભ્યોને મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી વેપારીએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા ગણતરીના સમયમાં એલસીબી-૧ ની ટીમે શેરથા - એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાએ વિવિધ ટીમો બનાવી આગવી ઢબથી કામગીરી



ઉવારસદ રોડ પરથી ૪ શખ્સોને દબોચી લીધા હતા. પોલીસે રીક્ષા તેમજ મોબાઈલ ફોન, ડમી સીમકાર્ડ સહિત રૂ.૮૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથકે નોંધાયેલા ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ આરોપીઓને પકડી પાડવા માટે સુચનાઓ આપી હતી. જેને પગલે શરુ કરી હતી. આરોપીઓને પકડવા માટે ટેકનીકલ પાસાઓને પણ ધ્યાને લેવામાં આવ્યા હતા. જયારે એલસીબી પીએસઆઈ ડી.એસ.રાઓલ ટીમ સાથે આરોપીઓને પકડવા માટે તે દિશામાં કાર્યરત હતા તે સમયે સાથે રહેલા વિજયસિંહ નવલસિંહને બાતમી મળી હતી કે આ ગુનાના આરોપીઓ સાગરજી પ્રહલાદજી ઠાકોર (ઉં.૨૪ રહે.ઠાકોરવાસ પરામાં શેરથા તાજી ગાંધીનગર), મનિશજી લાલાજી ઠાકોર (ઉં.૨૦ રહે. ધીરાપરૂ સઈઝ તા.જી.ગાંધીગનર), વિજયજી દશરથજી ઠાકોર (ઉં.૨૦ રહે. ચકલાવાસ વાંસજડા), અને કૃણાલગીરી વિષ્ણુગીરી ગોસ્વામી (ઉં.૧૯ રહે.ઉમિયા ચોક સઈઝ)ને શેરથા ઉવારસદ માર્ગ પર થી પોલીસે રીક્ષા, બે ડમી સીમકાર્ડ, તેમજ પાંચ મોબાઈલ પોન મળી કુલ કિં. ૮૦,૫૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા.

પોલીસે આરોપીઓની પુછતાછ કરતા શેરથા ખાતે આવેલી સી સ્પાઈસ નામની મસાલાની ખળીમાં આરોપી સાગરજી ઠાકોર નોકરી કરતો હતો. સાગરે નોકરી છોડ્યા બાદ સાગરીતો સાથે મળી પૈસાદાર પાર્ટીનું અપહરણ કરવાનો પ્લાન ઘડી વિજયજી દશરથજી ઠાકોરે બે ડમી કાર્ડ મેળવી લીધા હતા. જયારે આરોપી કૃણાલ ગોસ્વામીની રીક્ષાનો અપહરણ કરવા માટે નક્કી કર્યું હતું.

મસાલાની ખળીનો વેપારી રોજ જુના હાઈ વે માર્ગ પર થઈ રામાપીરના મંદિર ના કટ પાસે થઈને હાઈ વે પરથી રાત્રીના સમયે ઘરે જાય છે તે સમય દરમિયાન વેપારીનું રીક્ષામાં અપહરણ કરવાનો પ્લાન ઘડ્યો હતો. ગત તા.૭ જુલાઈના રોજ વેપારી એકટીવા પર ઘરે જતા હતા તે સમયે નિયત કરેલી જગ્યાએ ઉભા રહીને વેપારીને ખેંચીને રીક્ષામાં લઈ જવા માટે કોશીષ કરી રહ્યા હતા તે સમયે વેપારીએ ઝપાઝપી અને બુમાબુમ કરતા ચારેય શખ્સો રીક્ષા લઈને નાસી ગયા હતા.

ત્યારબાદ વેપારીને વિજય ઠાકોરે હીન્દી ભાષામાં ધમકી આપી સવા કરોડ રૂપીયાની માંગ કરી હતી અને જો રૂપીયા નહી આપે તો તેમના પરિવારના એક એક સભ્યને ખતમ કરી દેવાની ધમકી આપી હતી. વેપારીના અપહરણનો પ્રયાસ અને ખંડણી માંગવા અંગે અડાલજમાં નોંધાયેલા ગુનાનો ભેદ એલસીબી પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાંખી આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર મેડીકલ કોલેજના ઈન્ટર્ન ડોકટર્સને પ્રોત્સાહક વેતન ન મળતાં હડતાલ

વૈશ્વિક મહામારી કોરોનાના સમયે રાત દિવસ જોયા વિના સતત કામગીરી કરનાર ડોકટર્સ તેમજ પેરા મેડીકલ સ્ટાફ સહિતના કર્મચારીઓનું કોરોનો વારીયર્સ



તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે સરકારી હોસ્પિટલમાં કોરોના સમયમાં ફરજ બજાવનાર ઈન્ટર્ન ડોકટરોને પ્રતિમાસ પાંચ હજાર લેખે માર્ચ માસથી પ્રોત્સાહક વેતન આપવાનું નક્કી કર્યું હતું. પરંતુ કોરોનાના કેસ પણ ઘટી ગયા છે અને જુન માસ પણ પુરો થઈ ગયો હોવા છતા પ્રોત્સાહક વેતન મળ્યું નથી. ત્યારે ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં ફરજ બજાવતા ૧૫૦ ઈન્ટર્ન ડોકટરે હડતાલ પાડી વિરોધ દર્શાવ્યો હતો.

ગાંધીનગર મેડીકલ કોલેજના ઈન્ટર્ન ડોકટરોને પ્રોત્સાહક વેતન આપવામાં આવ્યું નથી, ત્યારે રાજયની સુરત, અમદાવાદ, વડોદરાની હોસ્પિટલમાં ફરજ બજાવતા ઈન્ટર્ન ડોકટરોને ઈન્સેટીવ પાંચ હજાર લેખે આપી દેવામાં આવ્યું છે. તો પછી ગાંધીનગર મેડીકલ કોલેજના ઈન્ટર્ન ડોકટરોને જુન મહિનો પુરો થઈ ગયો હોવા છતા પ્રોત્સાહક વેતન ન મળતા ડોકટર આલમમાં નારાજગી પ્રવર્તી છે. ત્યારે ડોકટરનું સન્માન કરવાના સ્થાને તેમનું અપમાન તંત્ર દ્વારા કરવામાં આવતુ હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર મેડીકલ કોલેજના હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા ૧૫૦ ડોકટરના ઈન્સેટીવ અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત પણ કરાઈ છે.તેમ છતા તંત્ર દ્વારા યોગ્ય સમયમાં પ્રોત્સાહક વેતન આપવામાં આવ્યું નથી. જેથી ગાંધીનગરના ૧૫૦ થી વધુ ઈન્ટર્ન ડોકટર્સે આજથી હડતાલનું શસ્ત્ર ઉગામ્યું છે. ગાંધીનગર સિવિલની કામગીરી પર તેની અસર વર્તાઈ છે. હોસ્પિટલમાં વિવિધ ઓપીડી બિલ્ડીંગમાં દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી હતી. જયારે વોર્ડમાં ડોકટરો દ્વારા રાઉન્ડ ન લેવામાં આવતા વિવિધ ફરીયાદો સામે આવી હતી. રાજય સરકાર દ્વારા ડોકટર્સને પ્રોત્સાહક વેતન આપવામાં નહી આવે તો અન્ય ડોકટર્સ પણ હડતાલમાં જોડાશે. જેથી આરોગ્ય સેવાઓ ઠપ થઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ શકે છે.ત્યારે ઈન્ટર્ન ડોકટરને પ્રોત્સાહક વેતન ઝડપી આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશને નવી કારોબારીની ચૂંટણી યોજવાનું ટાળ્યું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાતની કારોબારી સમિતિની મુદત તા. ૩૦-૬-૨૧ના દિનથી પુરી થઈ ગઈ છે. રાજ્ય અને દેશમાંથી પૂર્ણપણે કોરોના મહામારી નાબુદીનાં એંધાણ દેખાતાં નથી. વળી ટુંક સમયમાં જ કોરોનાનુ ત્રીજું મોજું આવવાની દહેશત નિષ્ણાંતો સેવી રહ્યા છે તેમજ કોરોનાનો ભય લોકોમાંથી હજી ગયો નથી. આ સંજોગોમાં સામાન્ય સભા બોલાવી નવી કારોબારીની ચૂંટણી કરવાનું હિતાવહ અને યોગ્ય લાગતું નથી. તેથી એસોસીએશનની જરૂરી કામગીરી માટે સ્થાપક પ્રમુખ/મહામંત્રી, બે ઉપપ્રમુખ તથા ખજાનચીના હોદ્દાની મુદત લંબાવી અને તેમની બનેલી સમિતિ કરશે અને સામાન્ય સ્થિતિ થયે એસોસીએશનની સામાન્ય સભા બોલાવવામાં આવશે જેની સભ્યોએ નોંધ લેવી તેવું જણાવાયું છે.

## ખૂણેખાંચરેથી

- આજે બુધવારના દિવસે મમતા દિવસની ઉજવણીને લઈ કોરોના વેક્સિનેશનની કામગીરી બંધ રખાઈ હતી.
- માણસા તાલુકાના વેડાના સરપંચની સામેની અવિશ્વાસની દરખાસ્ત મંજૂર થઈ છે.
- જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી અંગત કારણોસર રજા પર જતા તેમનો ચાર્જ તાલુકા આરોગ્ય અધિકારી દહેગામને આપવામાં આવ્યો છે.
- ૧૬મીએ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર નિર્માણ પામેલ હોટલ તથા નવી ટ્રેનોના વર્ચ્યુઅલ શુભારંભને લઈ તેના આયોજન અંગે આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે બેઠક મળશે.
- ટોકયો ઓલમ્પિકમાં રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરનાર ગુજરાતની ૬ મહિલા ખેલાડીઓને રાજ્ય સરકાર ૧૦-૧૦ લાખની સહાય આપશે.
- સરકારી કોલેજોમાં હંગામી જગ્યાઓ ચાલુ રાખવા અંગેનો પરિપત્ર ન થતાં જુન માસનો પગાર આવા અધ્યાપકો-કર્મયોગીઓનો આજ સુધી થયો ન હોવાથી તેઓની હાલત કફોડી બની છે.
- રાજયના મુખ્ય સચિવે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી અને કોવિડ સંક્રમણની સ્થિતિ તેમજ વેક્સિનેશન અભિયાનની સમીક્ષા કરી હતી.
- રોડ સેફટી કમિશનર લલિત પાડલિયાએ આજે મનપા ખાતે જિલ્લાની રોડ સેફટી અંગે બે કલાકની બેઠક લીધી હતી.

આભાર

સહકાર થી જ સમૃદ્ધિ

'સહકાર થી સમૃદ્ધિ'ના સપનાને સાકાર કરવા
તથા
દેશના સહકારી માળખાને મજબૂત કરવા
'સહકાર મંત્રાલય' શરૂ કરવા બદલ
માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો
ખૂબ ખૂબ આભાર

છેલ્લા ૨૦ વર્ષથી સહકારી ક્ષેત્રના શિલ્પી
માન. શ્રી અમિતભાઈ શાહને
દેશના સર્વ પ્રથમવાર બનતા સહકાર મંત્રાલયની
ધુરા સંભાળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન



શ્રી જગદીશભાઈ પટેલ
વાઈસ ચેરમેન

શ્રી એમ. એલ. બહેડિયા
CEO & MD
તથા બોર્ડ ઓફ ડીરેકટર્સ, શેર હોલ્ડર્સ, ડિપોઝીટર્સ, સ્ટાફ

શ્રી અજયભાઈ પટેલ
ચેરમેન

ADC BANK
ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓ.બેન્ક લિ.
PROUDLY CO-OPERATIVE